### બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સપ્તધારાની અંતર્ગત

## રંગ-કલા અને કૌશલ્યધારા અંતર્ગત ચિત્ર, મહેંદી, રંગોળી સ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા,તા.૪

બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સપ્તધારાની અંતર્ગત રંગ-કલા અને કૌશલ્યધારા અંતર્ગત ચિત્ર,મહેંદી,રંગોળી સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ સ્પર્ધામાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય કલ્પનાબેન પટેલએ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ મંત્રી જગદીશભાઈ જોષી,અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્કૃત વિભાગના પ્રો.પ્રકાશભાઈ જોષીએ કર્યું હતું.

## બામણા-પુનાસણ ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાં સ્વયં શિક્ષકદિન ઉજવાયો



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા,તા.૪

બામણા-પુનાસણ ડી.એમ.બી.પી.હાઈસ્કુલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સપ્તાહના ત્રીજા દિવસે સ્વયં શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક બની દિવસ દરમ્યાન ઉત્સાહપુર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું હતું.બામણા-પુનાસણ ડી.એમ.બી.પી.હાઈસ્કુલમાં પ્રિન્સિપાલ તરીકેની ભુમિકા સોલંકી અજયકુમાર,ધોરણ.૧૨ ના વિદ્યાર્થીએ નિભાવેલ હતી.

## પ્રાંતિજ હાઈ-વે પરના નોનવેજ સેન્ટરો બંધ કરવા રજુઆત

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ નેશનલ હાઈ-વે પર પોલીસ સ્ટેશનની આસપાસના ધાર્મિક સ્થળોએ આવતા ભાવિકો દ્વારા જાહેરમાં ધમધમતી નોનવેજની હોટલો અને લારી સામે રોષ ભભૂકી ઉઠયો છે.

પ્રાંતિજ નેશનલ હાઈ-વે પર પોલીસ સ્ટેશનની આસપાસના વિસ્તારમાં અનેક ધાર્મિક સ્થળો આવેલા છે જયાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડે છે પરંતુ ધાર્મિક સ્થળોની આસપાસ ધમધમતી નોનવેજની હોટલો અને લારીથી ભારે પરેશાન થઈ ગયા છે. અને આ મામલે પોલીસ મથકમાં પણ જાણ કરવામાં આવી છે પરંતુ તેમ છતાં આ સંદર્ભે કોઈ કાર્યવાહી ન થતા દર્શનાર્થીઓએ આ અંગે ગાંધીનગર ગૃહ વિભાગમાં રજૂઆત કરવા ચિમકી ઉચ્ચારી છે.



ડીસા શહેરમાં આવેલી આદર્શ પ્રાથમિક શાળામાં ધો ૧ થી ૪ ના બાળકો દ્વારા ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું હતું. બાળકોએ નારીયેળના છોતરાના ગણપતિના ગણપતિ બનાવ્યા છે. જેનું દર વર્ષે સ્થાપના આચાર્ય હસુમતીબેન, પ્રવિણભાઈ નાયી, પ્રહલાદભાઈ જોષી, ગીતાબેન ઠક્કર, ડીમ્પલ ચાવડા વગેરે ગણપતિ મહોત્સવમાં જોડાયા હતા. (તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## વડાગામમાં દેનાબેંક શાખાનો પ્રારંભ

વડાગામ, તા. ૪

ધનસુરા તાલુકાના વડાગામ ખાતે દેનાબેંકની નવી શાખાનો અધિકારીઓની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો છે.

દેના બેંકની વડાગામ શાખાના ઉદ્‌ઘાટન સમારંભમાં ઝોનલ મેનેજર ધનંજયકુમાર, શાખા મેનેજર રાહુલ વાઘેલા, વડાગામના સરપંચ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ઝોનલ મેનેજર ધનંજયકુમારે બેંક દ્વારા નાગરિકો માટે મળતી વિવિધ લોન વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ખેડૂતો અને સાહસિક બહેનો માટે ટ્રેનિંગ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.



## મહેસાણામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૪

ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એન.સી.પી.)ના સંગઠનને મજબૂત કરવા માટે મહેસાણા ખાતે પ્રદેશ હોદ્દેદારોની હાજરીમાં જીલ્લાસ્તરની એક બેઠક યોજાઈ હતી. જેમાં એન.સી.પી.ના નવ નિયુક્ત પાર્ટીના હોદ્દેદારો સભ્યોને યુ.પી.એ.-૧ અને ૨ દ્વારા હાંસલ કરાયેલ સિદ્ધિઓ તેમજ કાર્યો વિશે જાણકારી આપી વર્તમાન કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ચૂંટણી પૂર્વે તેમજ હાલ ફેલાવાતા જુઠ્ઠાણા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. તેમણે બીજા વિદેશ પ્રધાનોની વિદેશ યાત્રાઓ અંગે ટીખળ કરતા વડાપ્રધાનની વિદેશ યાત્રા સંદર્ભે તેમજ રાજ્ય મોડેલની વાસ્તવિકતા વિશે જિલ્લાના હોદ્દેદારોને માહિતગાર કર્યા હતા. દરમિયાન મહેસાણા ખાતે મળેલ એન.સી.પી.ની બેઠકમાં મહેસાણા જિલ્લા પ્રમુખ તરીકે સંજયકુમાર બી. પટેલ તેમજ મહેસાણા શહેર પ્રમુખ તરીકે સંજયકુમાર પી. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અને આગામી દિવસોમાં મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં પક્ષના સંગઠનને વધુ મજબૂત કરવા પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં આગામી સમયમાં પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવા તથા હોદ્દેદારોની કારોબારી બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના મહામંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલા સહિત અન્ય હોદ્દેદારો, કરાયકરો ઉપસ્થિત રહ્યા હતા.

# માજુમ નદીમાં નગરજનો દ્વારા ઠલવાતી ગંદકી

(તસવીર : નીતિન પંડ્યા, મુલોજ)



## નદીનું જહેરીલુ ગટરનું પાણી જીવ સૃષ્ટિઓ માટે હાનિકારક

મુલોજ, તા. ૩

અરવલ્લી જિલ્લાનું મોડાસા માજુમ ને તીરે આવેલ છે જે નદી મોડાસાની જીવાદોરી સમાન છે. માજુમ નીસાસા ભર્યા દર્દ સાથે કહે છે કે મને મોડાસાના લોકોએ જાકારો આપ્યો છે, માજુમનું શરીર સડી રહ્યું છે તેનું એક અંગ પડકારતું હોય તેવું લાગી રહ્યું છે. માજુમ નદીમાં ઠલાવાતા નગરજનોની ગંદકીના ઢગલા અને ગટરના પાણી આજે માજુમ નદીના વહેણ છે, મૃત પ્રાણીઓના મૃતદેહો આજે મહીનાઓથી આ નદીમાં સડી રહ્યા છે. નદીનું જહેરીલું ગટરનું પાણી જીવ સૃષ્ટીઓ માટે હાનીકારક છે નદીના ખુલ્લા ભાગો પર લોકો મળ ત્યાગ કરે છે. મોડાસાનાછેવાડાના ભાગે નદીના કીનારે માંસના લોચાઓથી ભરેલી થેલીઓ ત્યજી દેવામાં આવે છે, જે જીવ સૃષ્ટી માટે પરમાણુ બોમ છે, અને આજ પરમાણુ બોમ્બને તોડીને કેટલાક શ્વાન તેમની ભુખને સંતોષી રહેલા જોવા મળે છે, તો કેટલાક અનીષ્ટ તત્વોના પ્રયાસોથી દુશીત બનેલી માજુમ નદીને વધારે દુશીત બનાવવાનો પ્રયાસ કરે છે.

ખરેખર આ માજુમ નદીની નહીં મોડાસાના નગરવાસીઓની કમનસીબી છે, કે આ આસુરી ગંદકી અને મદીરા જેવા પાણીથી માજુમ નદી રૂપી સંપત્તિ નાશ થવા લાગી છે.

આજે સરકાર દ્વારા આ નદીમાંથી લીઝ આપી અને કંકરો તથા રેતી કાઢવામાં આવે છે, તો આપણે પ્રદૂષણ નોતરે છે, કાંકરો ઉપાડ્યા પછી નદીમાં જો વહેણ ચાલુ હોય તો જ નવો કાંકરો ઢસડાઈને આવે પરંતુ કુદરતી નીયમ પ્રમાણે પાણીની ગાળણ પ્રકીયા કાંકરા અને રેતીના લીધેજ થતી હોય છે, અને આ નદીના ક્નારે નગરપાલીકાના બોરકુવા પણ આવેલા છે, અને નગરના ગંદા પાણીનો નીકાલ પણ આજ નદીમાં હોઈ તે બોરમાં દુશીત અને ગટરનું જ પાણી હોય અને આવુ દુશીત ઝહેરસમાન પાણી નગરજનો પીવે છે.

માજુમનું ભાવી મોડાસાનો સળગતો પ્રશ્ન છે, મોડાસાના પ્રજાજનો આ પ્રદૂષણકારી પ્રવૃત્તીઓના સામે કાં તો જાગૃત નથી અથવા આંખ આડા કાન ધરી રહ્યા છે, જો આમ જ ચાલશે તો નજીકના ભવિષ્યમાં મોડાસાના નકશા પરથી માજુમ નદીનું નામ નીશાન લુપ્ત થઈ જશે.

## તલોદની સી.ડી. પટેલ શાળાની ટીમ કબડ્ડી સ્પર્ધામાં ચેમ્પિયન

તલોદ, તા. ૪

હિંમતનગરના સ્વામી વિવેકાનંદ જનશક્તિ સ્ટેડીયમ ખાતે તાજેતરમાં જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ શાળાકીય કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલની ટીમ ચેમ્પિયન થઈ હતી.

સાબરકાંઠા જિલ્લા રમત-ગમત કચેરી આયોજીત અન્ડર-૧૯ શાળાકીય ભાઈઓ-બહેનોની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જિલ્લાની વિવિધ શાળાની ટીમોએ ભાગ લીધો હતો. સ્વામી વિવેકાનંદ જનશક્તિ સ્ટેડીયમમાં યોજાયેલી સ્પર્ધામાં તલોદ તાલુકાની સી.ડી. પટેલ હાઈસ્કૂલની ભાઈઓની ટીમ સતત પાંચમી વખત ચેમ્પિયન બની હતી. આગામી સમયમાં રાજકોટના કુવાડવા મુકામે યોજાનાર સ્પર્ધામાં શાળાની ટીમના જયેન્દ્રસિંહ ઝાલા, જયદીપ દેસાઈ, યોગેસ તંબુડીયા, કૃષ્ણપાલસિંહ ઝાલા, પ્રવિણ સોલંકી, નરેન્દ્ર ઝાલા અને વિક્રમ વાઘેલા શાળાનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના વ્યાયામ શિક્ષક અને ડી. સડાત અને વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા રમિલાબેન પટેલ સહિત શાળાના હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.





અરવલ્લી જિલ્લાના ધનસુરા મુકામે છેલ્લા ૨૦ વર્ષથી મા અંબાના ધામ અંબાજી ખાતે દર્શનને જતા પદયાત્રીઓની સેવામાં ધનસુરા ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સેવા કેન્દ્રમાં ભોજન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે. (તસવીર : જીતેન્દ્ર પટેલ, ધુનસુરા)

## મોડાસા તાલુકા ના રાજપુર ગામે રામદેવજી નો નેજા ઉત્સવ યોજાયો

મોડાસા તા.૪

અરવલ્લી જીલ્લા ના મોડાસા મુકામે આવેલ રાજપુર મુકામે આવેલ રામદેવજી મંદિર માં એકમ થી લઈ ને નોમ સુધી નવરાત્રી ઉજવાય છે. અને નોમ ના દિવસે આ મંદિરે નેજા ચઢાવવા માટે લોકો આવે છે. અને ભજન સંધ્યા રાખી હજારો ની સંખ્યા માં લોકો આ મહાપ્રસાદ નો લાભ લે છે. મોડાસા તાલુકાના બાકરોલ ની પાસે આવેલ રાજપુર મુકામે આવેલ રામદેવજી મહારાજ ના મંદિરે આજે મંદિર માં નેજા ચઢાવવાની વિધી સંપન્ન કરવામાં આવી હતી ત્યારે કહેવાય છેકે વર્ષો પહેલા આં મંદિર બંધાવવા માટે ઈટો ના પૈસા રામદેવજી એ પોતે આપ્યા હતા અને આ મંદિર નુ નિર્માણ કરાવ્યુ હતુ



તાજેતરમાં મહેસાણા જિલ્લાના ખેરવા ગામે અન્ડર નાઈનટીન શાળાકીય કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં ઊંઝાની જી.મ. કન્યા વિદ્યાલયની સાત વિદ્યાર્થીઓ ચૌધરી કાજલ ગાંડાભાઈ, ચૌધરી જયશ્રી ઈશ્વરભાઈ, પટેલ બ્રિન્દા કમલેશભાઈ, રબારી રેશ્મા કાનજીભાઈ, ચૌહાણ મિત્તલ ગૌતમભાઈ, ચાવડા મિત્તલ મુળજીભાઈ અને ચૌધરી રિદ્ધિ નાનજીભાઈએ કબડ્ડી ટૂર્નામેન્ટમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્યની કબડ્ડી ટીમમાં પસંદગી પામેલ છે. રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધા ખેડા જિલ્લાના વસો ખાતે યોજાશે. શાળાના વ્યાયામ શિક્ષક સનતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થીનીઓએ આ સિદ્ધિ પ્રાપ્ત કરતા શાળાના આચાર્યા કો. રેખાબેન પટેલે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : મહેશભાઈ બારોટ, ઊંઝા)

# ઓડ-ઉમરેઠ બ્રિજને બંધ કરતા પ્રજાજનો

### બ્રિજ સંપૂર્ણ રીતે તુટી ગયેલો અને સળીયા હાડપિંજરની જેમ બહાર દેખાય છે : બ્રિજની નીચેથી પચ્ચીસ હજાર કીલો વોટ રેલ્વે લાઈન પસાર થાય છે : કોન્ટ્રાકટર તેમજ ઠેકેદારો વિરૂધ્ધ્ કડક કાર્યવાહી કરવા પ્રજાજનોની માંગ

### હમીદપુરા ગામના સરપંચ શું કહે છે ?

આ અંગે હમીદપુરા ગામના સરપંચે જણાવ્યુ હતુ કે એસિડ ભરેલા વાહનો તેમજ એલ.પી.જી તેમજ જલદ કેમીકલ ભરેલી ટેંકરો આ પુલ ઉપરથી દરરોજ પસાર થાય છે. પુલની નીચેથી રેલ્વેની પચ્ચીસ હજાર કીલો વોટની વીજ લાઈન પસાર થાય છે. પુલ ઉપરનો માર્ગ સંપૂર્ણ તુટી ગયો છે તેમજ આર.સી.સી ના સળીયા બહાર નીકળી આવ્યા છે આવી ગંભીર સ્થિતિ સર્જાઈ હોવા છતાં તંત્ર આખઆડા કાન કરી રહયુ છે. કલેકટરશ્રીને લેખિત જાણ કરી છે. તેઓએ રેલ્વે વિભાગને નોટીસ આપ્યાનું જણાવી રહયા છે. પરંતુ આજે બીજા દિવસે પણ રેલ્વે વિભાગનો કોઈ અધિકારી ફરકયો નથી.મતો લેવા આવતા નેતાઓ પણ ગાયબ થઈ ગયા છે. પ્રજાની હાડમારી અને જાન-માલની રક્ષા માટે આખરે માર્ગબંધ કરવાની ફરજ પડી છે.

(તસવીર : સઈદ અહેમદ ચૌહાણ, ઉમરેઠ)





પ્રતિનિધિ ધ્વારા ઉમરેઠ તા ૪

માત્ર ૩ વર્ષમાં જેનુ નિર્માણ કાર્ય પુરુ કરવાની શરત હતી તેમછતાં દશ વર્ષ જેટલો સમય ખર્ચાયો તેમજ કરોડો રૂા.ના આંધણ બાદ માત્ર બે વર્ષમાં જેની હાલત જર્જરીત બની ગઈ તેવા ઓડ -ઉમરેઠ બ્રિજને આજે આખરે હમીદપુરા ગામના સરપંચ તથા આગેવાનોએ બંધ કરી દેતા તેના પડઘા વડોદરા ડી.આર.એમ ઓફિસ તેમજ કલેકટર કચેરી સુધી પડતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

મળતી જાણકારી મુજબ ઓડ -ઉમરેઠ રેલ્વે ટ્રેક ઉપર કેન્દ્ર તથા રાજય સરકારના સહિયારા પ્રયાસથી રેલ્વે બ્રિજ બનાવવામાં આવ્યો હતો. કહેવાય છે કે કરોડો રૂા ના ખર્ચથી અને વલ્ડ બેંકની સહાય લઈ બનેલા આ પુલને દશ વર્ષ જેટલો લાંબો સમય લાગ્યો હતો.આ પુલ ઉપરથી વડોદરા,મુંબઈ તેમજ દીલ્હી જેવા મહાનગરો તેમજ ગોધરા,દાહોદ તેમજ રાજસ્થાન જતાં ભારે માલવાહક ટ્રકો તેમજ અન્ય વાહન ચાલકો ઉપયોગ કરી રહયા છે. આ પુલ જાહેર જનતા માટે ખુલ્લો મુકાયાના માત્ર બે વર્ષના ટુંકા ગાળામાં તુટી જતાં પુલના નિર્માણ કાર્યમાં હલકી ગુણવત્તાનો માલ વપરાયો હોવાની ફરીઆદો ઉઠવા પામી છે તેમજ કરોડો રૂાનો ભ્રષ્ટાચાર થયાની બૂ આવી રહી છે. છેલ્લા બે માસથી પુલ ઉપરનો માર્ગ સંપૂર્ણ તુટી જવા પામ્યો છે. ઠેરઠેર મોટા ગાબડા તેમજ હાડપિંજરની જેમ સળીયા બહાર નીકળી આવતા નજીકના હમીદપુરા ગામના સરપંચ તથા આગેવાનોએ ત્રતને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઉપાય ન થતાં આજે ઉમરેઠ પોલીસને સાથે રાખી માર્ગ બંધ કરી ડાયવર્ઝન આપ્યુ હતુ.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી




પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦